# ‘શેપીંગ અ ન્યૂ ઈન્ડિયા’ થીમ પર યોજાશે વાયબ્રન્ટ સમિટ

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની નવમી શૃંખલા સંદર્ભે વિશેષ માહિતી આપતાં રાજયના મુખ્ય સચિવ ડૉ.જે.એન. સિંહે જણાવ્યું હતું કે ‘શેપીંગ અ ન્યુ ઈન્ડિયા’ થીમ પર યોજાઈ રહેલી આ સમિટ વડાપ્રધાનના ‘નયા ભારત’ના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વનું પગલું બની રહેશે. આ સમિટમાં વેપાર અને નિકાસને મજબૂત બનાવવા, સેવા ક્ષેત્રનો વિકાસ તથા યુવાનોની સહભાગિતા અને સશક્તિકરકણ તેમજ નયા ભારતના નિર્માણમાં અગ્રેસર રાજ્ય તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા જેવી બાબતોને અગ્રતા આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે સમગ્ર વિશ્વ ડિજીટલ યુગમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ એ ગુજરાતને એડવાન્સ ટેકનોલોજી ક્ષેત્રે અગ્રેસર બનાવવા માટેની એક મહત્વની તક બની રહેશે.

ડેનમાર્ક, ચેક રિપબ્લિક, ઉઝબેકિસ્તાન, માલ્ટા અને રંવાડા સહિતના ૫ દેશોના વડાઓ વૈશ્વિક સમિટમાં ભાગ લેશે તેમજ ૧૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન સાથે ડીનર પણ યોજવામાં આવશે. સમિટની નવમી આવૃત્તિમાં ૧૫ દેશો ભાગીદાર દેશ તરીકે સહભાગી બનશે. જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફ્રાન્સ, જાપાન, મોરક્કો, નોર્વે, પોલેન્ડ, સાઉથ આફ્રિકા, રીપલ્બિક ઑફ કોરિયા, થાઈલેન્ડ, નેધરલેન્ડ્સ, યુએઈ અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૧૧ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ સહભાગી બનશે જેમાં ધી ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, કેનેડા ઈન્ડિયા ફેડરેશન, કોમનવેલ્થ એન્ટરપ્રાઈઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ, ઈન્ડો-ચાઈના ચેમ્બર ઑફ કોમર્સ, ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન, જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન, કોરિયા ટ્રેડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી, ધી નેધરલેન્ડ્સ ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ટ્રેડ, યુએઈ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ અને યુ.એસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ જેવી સંસ્થાઓ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગીદાર બનશે.



નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૧૯માં દેશમાં સૌ પ્રથમવાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સોવરિન વેલ્થ ફંડ્સના વડાઓ, પેન્શન ફંડ્સ અને સંસ્થાકીય રોકાણકારો સાથે રાઉન્ડ ટેબલ બેઠક યોજી વિચાર-

● અનુસંધાન પાન-૭ પર

## સમિટમાં સૌ પ્રથમવાર કેટલીક નવીનતમ ઈવેન્ટ

- સોવરિન વેલ્થ ફંડ, પેન્શન ફંડ અને ઈનસ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટમેન્ટ સંસ્થાના વડાઓ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી રાઉન્ડ ટેબલ બેઠક કરીને વિવિધ મુદ્દાઓ પર સીધો સંવાદ કરશે.
- ગુજરાત સ્પ્રિન્ટ - ૨૦૨૨ (વર્ષ - ૨૦૨૨ તરફ ગુજરાતની વિકાસ દોટ)
- વાયબ્રન્ટ ગુજરાત - આફ્રિકા ડે
- મેગા ટ્રેડ શો - બાયર-સેલર મિટ અને વેચાણકારોના વિકાસ માટેનું પ્લેટફોર્મ
- ૨૦ કન્ટ્રી સેમિનાર અને ૭ સ્ટેટ સેમિનાર
- મેઈક ઈન ઈન્ડિયાની સાફલ્યગાથા વર્ણવતું પ્રદર્શન
- બંદરો, વ્યાપાર અને નિકાસ પર વિશેષ સેમિનાર
- B2B અને B2Gના સીધા સંવાદ માટે ઓનલાઈન અને ઓનસાઈટ નેટર્વકિંગની તકો

## પ્રથમ વખત દુબઈ પેટર્ન પર શોપીંગ ફેસ્ટિવલ

**વાયબ્રન્ટ સમિટ દરમ્યાન ૧૭ થી ૨૮ જાન્યુઆરી દરમ્યાન શોપીંગ ફેસ્ટિવલ યોજાશે**

અમદાવાદના રીટેલ સેક્ટરને વધુ વિકસાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા દુબઈમાં યોજાતા શોપિંગ ફેસ્ટિવલની તર્જ પર તા. ૧૭ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન અમદાવાદ ખાતે શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોપિંગ ફેસ્ટિવલ સ્થાનિક વેપારીઓને તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરવા માટે એક વૈશ્વિક પ્લેટફોર્મ પૂરૂ પાડશે તથા વાયબ્રન્ટ સમિટનાં ઉપલક્ષમાં શહેરમાં આવતા વિશ્વભરના પ્રતિનિધિ-મુલાકાતીઓનો લાભ પણ મળશે. ફેસ્ટિવલમાં બ્રાન્ડેડ ઉત્પાદનોથી લઈને હેન્ડીક્રાફટ ઉત્પાદકો તથા શહેરના સ્થાનિક વેપારીઓ ભાગ લેશે. શોપિંગ ફેસ્ટિવલમાં હસ્તકલાનું નિદર્શન, મનોરંજન માટે ફિલ્મ, ફૂડ ફેસ્ટિવલ, ફ્લી માર્કેટ (હ્નૂૈીક્ક સ્ક્રટ્ઠિીંી) જેવી ઈવેન્ટ્સ પણ આયોજિત કરવામાં આવી છે. દર વર્ષે જાન્યુઆરીમાં યોજાતા પતંગ મહોત્સવના દિવસોમાં આ ફેસ્ટિવલ શહેરમાં એક વિશેષ ઉત્સાહ અને ઉજવણીનું વાતાવરણ ઉભું કરે છે.

# ગાંધીનગર જિલ્લામાં ૫૬ ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ૫૬ ગામના પાણીના નમૂના અનફીટ જાહેર થતાં તે પીવાલાયક રહ્યા નથી. આને લઈ જિલ્લાતંત્રમાં ચિંતાની લાગણીનું મોજુ ફરી વળ્યુ છે.

જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે મળેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ મુદ્દાને લઈ ચર્ચાઓ પણ થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે જે ગામોના પેયજળના નમૂના અનફીટ થયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૪૫, માણસાના ૧૦ અને દહેગામના બે ગામનો સમાવેશ થાય છે.

આ ગામોમાં પેયજળમાં ટી.ડી.એસ. વધારે જણાયુ હોય તેવા ૩ ગામ છે જેમાં ગાંધીનગર તાલુકામાં બે અને એક ગામ દહેગામ તાલુકાનુ છે.

**ગાંધીનગર તાલુકાના ૪૫ ગામ તો માણસાના ૧૦ ગામ અને દહેગામના બે ગામનો સમાવેશ**

ગાંધીનગર જિલ્લાના ૩૧ ગામમાં નાઈટ્રેટનું પ્રમાણ વધારે જોવા મળ્યુ છે તો ૧૨ ગામોમાં ફ્લોરાઈડની માત્રા વધુ જોવા મળી છે.

મળતી વિગતોપ્રમાણે માણસા તાલુકાના ૧૦ ગામોમાં નાઈટ્રેટનું પ્રમાણ વધારે જોવા મળ્યુ છે. તો દહેગામના ૧ ગામમાં નાઈટ્રેટનું પ્રમાણ વધારે જોવા મળ્યુ છે.

જિલ્લામાં ૧૦૦થી વધુ ગામો નર્મદાનું પાણી લેતા નથી અને સ્થાનિક સ્ત્રોત પર આજે પણ આધાર રાખી રહ્યા છે. જિલ્લો ઓવર એક્સપલોઈટેશન કેટેગરીમાં આવે છે. તેમાંય ગાંધીનગર તાલુકો જે વિકાસ પામતો તાલુકો છે અહિ પાણીનો વપરાશ અને વેડફાટ બન્ને વધુ જોવા મળી રહ્યો છે તેને લઈ આ બેઠકમાં તીવ્ર ચિંતાની લાગણી વ્યક્ત થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના સેકટરોમાં આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાતુ નથી. જયારે શેરી સફાઈ અને ગટર વ્યવસ્થાને સંબંધિત કામગીરી પણ ખોરંભે પડી છે. નગરજનો ટેક્ષ ચુકવતા હોવા છતા આમ નાગરિકો માટે માળખાગત સુવિધાઓ સમયાંતરે અપગ્રેડ થતી નથી. શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના વિવિધ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીઓને રજુઆત કરવામાં આવશે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ શહેરને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરવા માટે મહામંડળના પદાધિકારીઓની એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન મોટાભાગે ચાલતુ ન હોવાના મામલે પણ આક્રોશ વ્યકત કરાયો હતો. જયારે માં અમૃતમ યોજનાના કાર્ડ હોવાછતા દર્દીએ સારવારના પૈસા ખર્ચવાનો વારો આવે છે. આ ઉપરાંત શહેરના સેકટરોમાં શેરી રસ્તાઓનુ કામ પણ હજુ બાકી છે. નિયમ મુજબ પ્રતિ ૬ વર્ષે રસ્તાઓના રીસરફેસીંગનુ કામ હાથ ધરાતુ નથી. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો અત્યંત બિસ્માર હાલતમાં છે. કર ચુકવતા નગરજનોને યોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પીવાના પાણી માટે ૭.૩૧ કરોડનો માસ્ટર પ્લાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં ઉભી થનારી પેયજળની તકલીફોને પહોંચી વળવા માટે રૂ. ૭.૩૧ કરોડનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

**૧૦૦થી વધુ ગામો નર્મદાનું પાણી લેતા નથી : ૩૦ ગામોમાં નવા બોર બનાવવાની કામગીરી હાથ ધરાઈ**

જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષસ્થાને જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ અંગે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં આ માસ્ટર પ્લાન અંગે આયોજનને લઈ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

જિલ્લામાં હાલ પેયજળની સમસ્યા કોઈ ગામમાં નહિ હોવાનું ચિત્ર રજુ કરાયુ હતુ. જોકે ૩૦ ગામોમાં નર્મદા કેનાલનું પાણી પુરા ફોર્સથી પહોંચતુ નહિ હોવાથી અને સ્થાનિક સ્ત્રોતમાં પાણીના સ્તર નીચે જતાં ત્યાં નવા બોર બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

મળતી વિગતો પ્રમાણે આ ૩૦ ગામોમાં ૮ એમ.એમ.ના બોર બનાવવામાં આવશે. જે કામગીરી હાલ ચાલુ કરી દેવામાં આવી છે અને ફેબ્રુઆરીના અંત સુધીમાં તે પૂર્ણ થઈ જશે. આ બેઠકમાં જિલ્લો ઓવર એક્સપોલોઈટેશન કેટેગરીમાં આવતો હોવાથી પેયજળની ગુણવત્તા તેમજ વધુ ને વધુ ગામો નર્મદાનું પાણી મેળવે તેવા પ્રયાસો કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં વાસ્મો દ્વારા જળબચત અભિયાનને વધુ સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. જિલ્લામાં પાણીનો વેડફાટ અટકે એટલુ જ નહિ પણ જિલ્લામાં પેયજળની ગુણવત્તા જળવાઈ રહે તેના પર ચર્ચાઓ થઈ હતી. જિલ્લામાં હજુ ૧૦૦થી વધુ ગામો પેયજળ માટે નર્મદાનું પાણી લેતા નથી તેને લઈ ચર્ચાઓ થઈ હતી.

# નગરનો રાત્રિ નઝારો બદલાયો : રંગબેરંગી રોશનીનો જગમગાટ

## વાઇબ્રન્ટ લુક આપવા માટે શહેરના મુખ્યમાર્ગો સહીત આસપાસના વિસ્તારમાં અવનવી રોશનીથી સુશોભન કરાયુ



ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ લુકને અનુલક્ષી આખરી તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે. નગરને હાલ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી રહ્યુ છે. શહેરમાં રંગબેરંગી રોશનીના લીધે નગરનો રાત્રિ નઝારો બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો સહીત આસપાસના વિસ્તારો અને સેન્ટ્રલ વર્જ સહીત વૃક્ષોમાં પણ રંગબેરંગી અજવાળુ પથરાતા નયનરમ્ય દ્રશ્યો સર્જાયા છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ઠેર ઠેર રંગબેરંગી રોશનીની સુશોભિત કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં રાત્રિ નઝારો બદલાયો છે. જો કે રોશનીની કામગીરી હજુ ચાલુ છે. નગરના મુખ્યમાર્ગો સહીત મુખ્યમાર્ગો પર સ્થિત બિલ્ડીંગો તેમજ સર્કલો અને આસપાસ સ્થિત વૃક્ષોમાં રાત્રિના સમયે રંગબેરંગી લાઈટનો ઉજાસ પથરાયેલો જોવા મળે છે. રાત્રિના સમયે નગરના માર્ગોની રોનક પણ નિખરે છે. આડા દિવસોમાં રાત્રિના સમયે એલ ઇ ડી લાઇટના આછા અજવાળામાં સુમસામ જોવા મળતા માર્ગો પર વાઈબ્રન્ટ રોશનીથી રોનક આવી ગઈ છે. નગરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ પ્લાન્ટેશનને અનુલક્ષીને ગ્રીલ લગાવી દેવામાં આવી છે.

જયારે આ ગ્રીલ પર રંગીન રોશનીનુ સુશોભન કરી દેવાયુ છે. હજુ પણ રોશની લગાવાની કામગીરી ચાલી રહી છે. જયારે સર્કલો પણ લાલ લીલી અને પીળી લાઈટથી જબુકતા જોવા મળી રહ્યા છે. વાઈબ્રન્ટને અનુલક્ષી અંતિમ તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે. જયારે રાત્રિના સમયે પણ રીસરફેસીંગ અને થર્મોપ્લાસ્ટના પટ્ટા વચ્ચે કેટ આઈની રોશનીથી જગમગતા માર્ગો આસપાસ ભવ્ય રોશની જોવા મળી રહી છે. આગામી બે દિવસમાં રોશની લગાવાની કામગીરી પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ તંત્ર દ્વારા વધુ એક વાર ટ્રાયલ લેવાશે. વાઈબ્રન્ટ દરમિયાન નગરમાં દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના હોવાથી ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક તેમજ નગરના વિવિધ મુખ્યમાર્ગો સહીતના ઠેકાણે બ્યુટીફિકેશનની કામગીરી અંતિમ તબક્કામાં છે.

# સુઘડ પંથકમાંથી સ્વાઈન ફ્લુનો કેસ

**ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વાઈરલ ફરીથી સક્રિય થતાં જિલ્લા આરોગ્ય તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

૧લી જાન્યુઆરીથી શરૂ થયેલા નવા વર્ષમાં અત્યાર સુધીમાં ૩ કેસ નોંધાયા છે અને એક દર્દીનું અવસાન થયુ છે.

આરોગ્યતંત્રમાંથી મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર તાલુકાના સુઘડ વિસ્તારમાંથી ૨૪ વર્ષના એક યુવકને સ્વાઈન ફ્લુ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટેલીફોન : ૨૩૨ ૨૦૫૨૫

**સભાસદો માટે**

આથી મંડળની તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે, તારીખ : ૧૧/૨/૨૦૧૯ ને સોમવારથી ૨૦૧૭/૧૮ના વર્ષની ભેટ (કોટનની પ્રીન્ટેડ ચાદર પીલો કવર સાથે) આપવાનું શરૂ કરવામાં આવનાર છે. જેની નોંધ લેવા નમ્ર વિનંતી છે.

**ભેટ મેળવવાનો સમય**

સવારે : ૮-૩૦ થી ૧૨-૦૦ ● સાંજે : ૨-૦૦ થી ૫-૩૦

(જાહેર રજાના દિવસો સિવાય)





www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com